સોગંદ આપ્યા......

**<u>વાદીની આંક–૩૩ની શ્રી રાધાકૃષ્ણ ગૌસેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી સ્વામી લક્ષ્મીનારાયણદાસજી ગુરુશ્રી લક્ષ્મીપ્રસાદજીની સરતપાસ લગત પ્રતિવાદી નં. ૧,૪ તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, એમ.ટી.રાવલ</u>**

(૮) એ વાત ખરી છે કે, અમારી સંસ્થામાં એન.એલ.આમોદરા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સીંગ કોલેજ ચાલે છે. એન.એલ. આમોદરા એટલે નિશ્ચયકુમાર લલીતભાઈ આમોદરા થાય છે. એ વાત ખરી છે કે, નિશ્ચય મારા પુત્રનું નામ છે. એ વાત ખરી છે કે, અમારી સંસ્થામાં એક બીજી તેજેન્દ્રપ્રસાદજી બી.એડ. કોલેજ પણ ચાલે છે. એ વાત ખરી છે કે, અમારી સંસ્થામાં શ્રી વજેન્દ્ર પ્રાઈમરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ પણ ચાલે છે. એ વાત ખરી છે કે, આ તમામ સંસ્થાના ઓડીટ રીપોર્ટ અલગ અલગ થાય છે અને તે તમામ ઓડીટ રીપોર્ટ સંયુકત કરીને મદદનીશ ચેરીટી કમીશ્નરશ્રી,મોરબીમાં રજુ કરવામાં આવે છે.

સવાલ:– તમે શ્રી તેજેન્દ્રપ્રાસદજી બી.એડ. કોલેજ ચલાવો છો તે કાલુપુર નરનારાયણદેવના જે તે સમયના ગાદીપતીનું નામ છે ?

જવાબ:– સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્ય હોય અને સંપ્રદાયના આદર્શ હોય જેથી અમે આદર્શ તરીકે નામ તેઓનું રાખેલ છે. નામ રાખવાથી તેમની માલીકીની સંસ્થા થતી નથી.

એ વાત ખરી છે કે, શ્રી તેજેન્દ્રપ્રાસદજી બી.એડ. કોલેજ નામ રાખવા માટે કાલુપુર નરનારાયણદેવના ગાદીપતી આદર્શ તેજેન્દ્રપ્રસાદજીની સંમતી લીધેલ નથી.

સવાલ:– તમે શ્રી વજેન્દ્ર પ્રાયમરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ ચલાવો છો તે કાલુપુર નરનારાયણદેવના જે તે સમયના ગાદીપતીના પુત્રનું નામ છે ?

જવાબ:– સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્યના પુત્ર હોવાથી અમો જે તે સમયે આચાર્યને સારુ લાગે એટલા માટે નામ રાખેલ છે. નામ રાખવાથી તેમની માલીકીની સંસ્થા થતી નથી.

એ વાત ખરી છે કે, શ્રી વજેન્દ્ર પ્રાયમરી એન્ડ હાયર સેકન્ડરી સ્કુલ નામ રાખવા માટે કાલુપુર નરનારાયણદેવના ગાદીપતીના આચાર્યની સંમતી લીધેલ નથી. એ વાત ખરી છે કે, ટ્રસ્ટની સ્થાપના થઈ તે સમયે કાલુપુર નરનારાયણદેવના આચાર્યને હું આદર્શ માનતો હતો. એ વાત ખરી નથી કે, ટ્રસ્ટની સ્થાપના થઈ તે સમયે કાલુપુર નરનારાયણદેવના આચાર્ય સાથે મારે ખુબ સારા સંબંધ હતા. એ વાત ખરી નથી કે, ટ્રસ્ટની સ્થાપના બાદ ટ્રસ્ટને ચલાવવા માટે કાલુપુર નરનારાયણદેવના આચાર્ય મહારાજ દ્રારા મને રૂા. ૫,૦૦,૦૦૦/– નું દાન આપેલ હતું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રૂા. ૨,૫૦,૦૦૦/– સ્વામીનારાયણ મંદિર ચરાડવા દ્રારા મળેલ છે. એ વાત ખરી છે કે, સ્વામીનારાયણમંદિર ચરાડવા, સ્વામીનારાયણમંદિર કાળુપુરના તાબા હેઠળનું છે. એ વાત ખરી છે કે, ટ્રસ્ટની તમામ આવક–જાવક ટ્રસ્ટના ઓડીટ રીપોર્ટમાં દર્શાવવામાં આવે. એ વાત ખરી છે કે, નિશાની ૭૬/૩નો ઓડીટ રીપોર્ટ વાદવાળા ટ્રસ્ટનો રીપોર્ટ છે. નિશાની ૭૬/૩ને રજુ દાખલ **આંક–૮૬**.

**આ તબ્બકે કોર્ટ સમય પુરો થતા વધુ ઉલટતપાસ માટે મુલતવી.**

તા.૧૧/૯/૨૦૨૫ મારી રૂબરૂ
હળવદ.

સાહેદ ને મારી રુબરુ જુબાની વાંચી સંભળાવતા
તે ખરી અને કબુલ રાખેલ છે.

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
હળવદ.
કોડ નં.જીજે. ૦૦૭૧૧

**( નિમિષા ગંગારામભાઈ સુરતી )**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
કોડ નં.જીજે. ૦૦૭૧૧